પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ બકરી ઇદ જાહેરનામું/ ૨૯૭૪ /૨૦૨૫ તા.૨૯/ ૫/૨૦૨૫

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :**

આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ નારોજ મુસ્લિમ ધર્મનો બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે, અને આ કુરબાની કોઇપણ જાહેર કે ખાનગી સ્થળે,અથવા મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતીનો ભંગ થવાનો સંભવ જણાય છે. અને તેમ થતુ અટકાવવાનુ જાહેર હીતમા ઇચ્છનિય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, આઈ.પી.એસ, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા.૦૬/૦૬/૨૦૨૫ ના કલાક:૦૦/૦૦ થી તા.૦૯/૦૬/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**કૃત્યો**

(૧) કોઈપણ ઈસમે આ દિવસો દરમ્યાનમાં અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળોએ જયાં બહારથી જોઇ શકાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહી અથવા ઉપરોકત વિસ્તારની હદની અંદર કોઇ શેરીમાં, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઇ પશુની કતલ કરવી નહી.

(૨) બકરી ઇદ તહેવાર નિમીતે કુરબાની પછી જાનવરના માંસ, હાંડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહિ.

**વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે

આ હુકમ અન્વયે પોલીસ કમિશ્નરેટ, વડોદરા શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## જાહેર વિજ્ઞાપન

આથી હું આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ:૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી આપેલ છે.

Commissioner of Police • Vadodara City, Vadodara •

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

**<u>નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.